For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## વડોદરા શહેરના કોટંબી સ્ટેડિયમ નજીક કાળમુખો અકસ્માત

# ઊભેલી ટ્રક પાછળ લક્ઝરી બસ ધડાકાભેર ઘૂસી, ૯ વર્ષના બાળક સહિત ૮ના મોત







**રાજસ્થાનના** બાસવાડાથી સુરત જતી 'બાલાજી ટ્રાવેલ્સ'ની બસનો વહેલી સવારે ૪ વાગ્યે કોટંબી સ્ટેડિયમ પાસે અકસ્માત

**૨૭ મુસાફરો** લોહીલુહાણ, બસ પતરાની જેમ ચીરાઈ ગઈ, કટર વડે બોડી કાપીને ફસાયેલા પ્રવાસીઓને બહાર કઢાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા. ૧૭

વડોદરા શહેરના કોટંબી સ્ટેડિયમ નજીક આજે ૧૭ જૂનની વહેલી સવારે એક કાળજું કંપાવી દેનારી દુર્ઘટના સામે આવી છે. હાઈવે પર ઊભેલી એક ટ્રકની પાછળ રાજસ્થાનથી આવી રહેલી લક્ઝરી બસ ધડાકાભેર ઘૂસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક ૯ વર્ષના નિર્દોષ બાળક સહિત કુલ ૮ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ૨૭ પ્રવાસીઓ ઈજાગ્રસ્ત થતાં વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે. બસની ટક્કર એટલી જોરદાર હતી કે લક્ઝરી બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની તીવ્રતા જોતાં જ સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું. બસમાં અનેક મુસાફરો ફસાયા હોવાની કંટ્રોલ રૂમમાં માહિતી મળતા જ NDRF, SDRF અને વડોદરા ફાયર વિભાગની ટીમો કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ગેસ કટર અને આધુનિક કટિંગ ટુલ્સનો ઉપયોગ કરી બસના પતરા કાપીને ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાઈ હતી. ભારે જહેમત બાદ રોડ પરથી અકસ્માતગ્રસ્ત વાહનો હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો હતો.

રાજસ્થાનથી સુરત કમાણી અર્થે જઈ રહેલા ઈજાગ્રસ્ત મુસાફર બંસીલાલે હોસ્પિટલના બિછાનેથી આપવીતી સંભળાવતા કહ્યું કે, વહેલી સવારે બસમાં તમામ મુસાફરો ગાઢ નિદ્રામાં હતા. અચાનક જ વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ એક પ્રચંડ ધડાકો થયો. અકસ્માતની એ ક્ષણે જાણે આખી બસમાં જોરદાર કરંટ લાગ્યો હોય તેવો આંચકો અનુભવાયો હતો. મારી સાથે બસમાં અન્ય બે યુવકો પણ સવાર હતા.

NDRFના ૬ બટાલિયન કમાન્ડન્ટ સુરેન્દ્રસિંઘે જણાવ્યું હતું કે, સવારે ૪:૪૦ વાગ્યે કોટંબી સ્ટેડિયમ પાસે અકસ્માતની માહિતી મળતા જ ટીમ રવાના કરાઈ હતી. બસ અને ટ્રક વચ્ચે થયેલી જોરદાર ટક્કરને પગલે મુસાફરો અંદર જકડાઈ ગયા હતા. ટીમે અદ્યતન સાધનોની મદદથી તાત્કાલિક ઓપરેશન શરૂ કરીને ૨૪ લોકોને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા, જ્યારે ૫ મૃતદેહોને બસ કાપીને બહાર કાઢવામાં આવ્યા હતા. NDRF, SDRF, સિવિલ પોલીસ અને ફાયર સર્વિસે સંયુક્ત રીતે આ આખું ઓપરેશન પાર પાડ્યું હતું.

અકસ્માતની જાણ થતાં જ વડોદરાના ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું કે, વહેલી સવારે ૩:૩૦ થી ૪ વાગ્યા વચ્ચે બાલાજી ટ્રાવેલ્સની બસ ઊભેલી ટ્રક પાછળ ઘૂસી ગઈ હતી. સામાન્ય ઈજાગ્રસ્તોને ઘટનાસ્થળે જ પ્રાથમિક સારવાર અપાઈ હતી. જ્યારે ગંભીર ઈજાગ્રસ્તોને એસ.એસ.જી. હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા, જ્યાં લાવતા વેંત ૩ લોકોને મૃત જાહેર કરાયા હતા. હાલ ૨૬ જેટલા ગંભીર દર્દીઓ ટ્રોમા સેન્ટરમાં સારવાર હેઠળ છે, જેમાંથી ૧ દર્દીની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી તેને ICUમાં શિફ્ટ કરાયો છે. હોસ્પિટલ પ્રશાસન, સુપ્રિટેન્ડન્ટ અને મુખ્ય ડોક્ટરો સાથે સમીક્ષા કરીને દવાનો પૂરતો જથ્થો, સર્જિકલ સાધનો અને બ્લડ બેંકમાં લોહીની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

### મૃતકોના નામ

| | |
|---|---|
| ૧) વિનોદ નરેશ ડામોર - ૩૦ | ૫) પિંકી ભાટિયા - ૩૬ |
| ૨) મુકેશ જીવાજી ડિંડોર - ૩૪ | ૬) અજાણ્યો પુરુષ |
| ૩) પ્રીત હિતેશ ભાટિયા - ૯ | ૭) અજાણ્યો પુરુષ |
| ૪) મહેન્દ્રકુમાર ભોગીલાલા પંડ્યા - ૬૮ | ૮) હરજીંગભાઈ વાલજીભાઈ કટારા - ૩૦ |

### ઈજાગ્રસ્તના નામ

| | |
|---|---|
| ૧) પીંકી રાવલ - ૪૦ | ૧૪) વિજય કટારા - ૨૨ |
| ૨) મનીષા રાવલ - ૧૬ | ૧૫) સીમા યાદવ - ૩૫ |
| ૩) રામચંદ્ર ડોરીયા - ૨૬ | ૧૬) અજાણ્યો પુરુષ - ૨૯ |
| ૪) શિલ્પા પાટીદાર - ૨૩ | ૧૭) ભગવતીભાઈ - ૪૦ |
| ૫) મહેન્દ્ર કટારા - ૩૨ | ૧૮) સાગર કટારા - ૪૫ |
| ૬) આશિષ યાદવ - ૧૨ | ૧૯) પાયલબેન નાઈ - ૩૫ |
| ૭) આશિષ કટારા - ૧૦ | ૨૦) કલ્પેશ ગાયર - ૨૦ |
| ૮) બંસીલાલ રાણે - ૨૦ | ૨૧) સુરેશભાઈ ડીંડોર - ૨૨ |
| ૯) જીવરાજભાઈ - ૨૭ | ૨૨) ધર્મિષ્ઠા - ૩૬ |
| ૧૦) ગુંજનબેન - ૨૨ | ૨૩) પંકજભાઈ ચારપોટ - ૨૫ |
| ૧૧) પંકજભાઈ - ૩૦ | ૨૪) કમલેશભાઈ કટારા - ૩૦ |
| ૧૨) ભેરુલાલ મીણા - ૩૪ | ૨૫) રમેશભાઈ - ૨૮ |
| ૧૩) પિન્ટુ ચારપોટ - ૨૫ | ૨૬) માયાબેન પાટીદાર - ૩૦ |

## સાંજે ૬:૩૦ વાગ્યાનો અલ્ટીમેટમ મળતા તંત્રના શ્વાસ અધ્ધર

# પાલિકાની મુખ્ય કચેરીને 'કાર બોમ્બ'થી ઉડાવી દેવાની ધમકીથી ખળભળાટ

**LCB,** SOG અને બોમ્બ સ્ક્વોડની ટીમ દ્વારા VMC પરિસર ખાલી કરાવી પાર્કિંગ એરિયામાં ગાડીઓનું સઘન ચેકિંગ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આજે તે સમયે ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો, જ્યારે કચેરી પરિસરમાં બોમ્બ હોવાની એક સનસનાટીભરી ધમકી મળી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વડોદરા પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત સમગ્ર વહીવટી તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું હતું અને કચેરી ખાતે કડક સુરક્ષા કવચ ગોઠવી દેવામાં આવ્યું હતું.

ચોંકાવનારી વિગતો મુજબ, વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં બોમ્બ મૂકવામાં આવ્યો હોવાની માહિતી મળતા જ સમગ્ર પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું હતું. આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમને VMC કચેરી પરિસરમાં કાર બોમ્બ મૂકવામાં આવ્યો હોવાની ચોક્કસ માહિતી મળી છે. આ ધમકીના સંદેશામાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે સાંજે ૬:૩૦ વાગ્યા સુધીનો સમયગાળો આપવામાં આવ્યો હોવાનો પણ ઉલ્લેખ કરાયો છે, જેને પગલે પોલીસ અને વહીવટી તંત્રના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

ધમકી ભર્યા મેસેજને પગલે કોઈ મોટી હોનારત ન સર્જાય તે માટે સુરક્ષાના ભાગરૂપે કચેરીના સમગ્ર વિસ્તારને તાત્કાલિક ધોરણે ખાલી કરાવવાની યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. કચેરીમાં હાજર કર્મચારીઓ અને મુલાકાતીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, સ્થાનિક પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમો અત્યાધુનિક સાધનો સાથે તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી.

હાલની સ્થિતિએ VMC ના સિક્યોરિટી સ્ટાફ અને ઇન્ચાર્જ કર્મચારીઓની સક્રિય મદદ લઈને કચેરીના તમામ પ્રવેશદ્વારો સીલ કરી દેવામાં આવ્યા છે. ખાસ કરીને પાર્કિંગ એરિયા ટાર્ગેટ હોવાથી ત્યાં પાર્ક કરાયેલી તમામ કારોનું BDDS ની ટીમ દ્વારા સ્નિફર ડોગ્સ અને મેટલ ડિટેક્ટરની મદદથી સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. હાલમાં BDDS અને અન્ય તપાસ સંસ્થાઓ દ્વારા સમગ્ર કચેરી પરિસરને સુરક્ષિત અને સેનિટાઇઝ કરવાની સઘન પ્રક્રિયા ચાલી રહી છે. બીજી તરફ, પોલીસે શહેરના નાગરિકોને કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવા અને ગભરાવાને બદલે શાંતિ તેમજ સહકાર જાળવવા માટે ખાસ અપીલ કરી છે. ધમકી આપનાર અજ્ઞાત શખ્સને ઝડપી પાડવા માટે સાયબર ક્રાઈમ અને પોલીસની અન્ય ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### ખંડેરાવ માર્કેટ બિલ્ડિંગ આખું ખાલી કરાવાયું

વડોદરાના ઐતિહાસિક અને હરહંમેશ લોકોથી ગીચ રહેતા ખંડેરાવ માર્કેટ પરિસરમાં બુધવારે પાલિકા ને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા ભારે ભય અને ભારે નાસભાગનો માહોલ સર્જાયો હતો, જ્યારે માર્કેટ બિલ્ડિંગમાં બોમ્બ હોવાની આશંકા સભર એક અનામી ધમકી મળી હતી. આ ગંભીર સુરક્ષા એલર્ટને પગલે વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન તુરંત એક્શન મોડમાં આવ્યું હતું અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. માર્કેટમાં લાઉડસ્પીકર દ્વારા તાત્કાલિક જાહેરાત કરીને તમામ વેપારીઓ અને ખરીદી અર્થે આવેલા સામાન્ય નાગરિકોને કોઈપણ જાતનો ગભરાટ વગર સુરક્ષિત સ્થળે ખસી જવા અને તાકીદની અસરથી બિલ્ડિંગ ખાલી કરવા વિનંતી કરવામાં આવી હતી.

### સમાની નવરચના સ્કૂલને બોમ્બથી ઉડાવવાની ધમકી, પોલીસ તંત્ર એલર્ટ

વડોદરા શહેરમાં બોમ્બની ધમકીઓના વધતા બનાવો વચ્ચે સમા વિસ્તારમાં આવેલી નવરચના સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. ધમકી મળતાની સાથે જ બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને સમા પોલીસની ટીમોએ સ્કૂલ કેમ્પસમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરી દરેક ખૂણાની તપાસ કરી હતી. ઘટનાના પગલે સ્કૂલ સંચાલન અને પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું હતું. શાળા છૂટવાના સમયે મોટી સંખ્યામાં વાલીઓ સ્કૂલ પર પહોંચ્યા હતા. જોકે, કોઈ ગભરાટ ન ફેલાય તે માટે વાલીઓને સત્તાવાર રીતે ધમકી અંગે જાણ કરવામાં આવી નહોતી. તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હોવાનું જાણવા મળ્યું છે. વિદ્યાર્થીઓ સુરક્ષિત રીતે ઘરે પહોંચતા વાલીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## TAT-HS ૨૦૨૬નું પરિણામ જાહેર, ૫૧,૯૭૧ ઉમેદવારો મેઈન્સ માટે લાયક

(પ્રતિનિધિ) વડોદરા તા.17

રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટે લેવાતી શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT-HS) 2026નું પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. ગત 12 એપ્રિલે યોજાયેલી પરીક્ષામાં કુલ 1,47,584 ઉમેદવારો હાજર રહ્યા હતા, જેમાંથી 70 કે તેથી વધુ ગુણ મેળવનારા 51,971 ઉમેદવારો મેઈન્સ પરીક્ષા માટે લાયક ઠર્યા છે. કુલ પરિણામ 35.21 ટકા નોંધાયું છે. બોર્ડના જણાવ્યા મુજબ 1,666 ઉમેદવારોએ 120થી વધુ ગુણ મેળવી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. લાયક ઉમેદવારોમાં ગુજરાતી માધ્યમના 50,066, અંગ્રેજી માધ્યમના 1,696 અને હિન્દી માધ્યમના 209 ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ પરીક્ષા માટે કુલ 1,65,025 ઉમેદવારોએ નોંધણી કરાવી હતી. પરીક્ષા બાદ આન્સર કી જાહેર કરી સૂચનો મંગાવવામાં આવ્યા હતા અને 4 જૂને ફાઈનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. મેઈન્સ પરીક્ષા 19 જુલાઈએ યોજાશે. પરિણામ અંગે વાંધો ધરાવતા ઉમેદવારો 30 જૂન સુધી OMR શીટની પુનઃતપાસ માટે અરજી કરી શકશે.

## પરમીટ વિના વર્ધિ મારતા ૩૪ વાન ચાલકોને દંડ ફટકારાયો



**હરણી,** કારેલીબાગ સહિતના જુદાજુદા વિસ્તારોમાં ચેકીંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરામાં ઉનાળાના વેકેશન બાદ શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે, પરમિટ વિના વિદ્યાર્થીઓને બેસાડી સ્કૂલ વર્ધિ વાન હંકારતા વાહન ચાલકો સામે આરટીઓએ ખાસ ડ્રાઈવ શરૂ કરી છે. અલગ અલગ ટીમો દ્વારા દરરોજ જુદા જુદા વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. છેલ્લા આઠ દિવસોમાં 201 જેટલા ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી વડોદરા દ્વારા ગત તારીખ 10મી જૂનથી પરમિટ વિના વિદ્યાર્થીઓને બેસાડી વાહન ચલાવતા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરમાં અનેક ચાલકો પાસે પરમીટ નથી, તેથી આગામી દિવસોમાં પણ આ સ્કૂલ વાન ચેકિંગ સઘન પણે ચાલુ જ રહેશે. બુધવારે પણ સવારથી જ આરટીઓની જુદી જુદી ટીમો દ્વારા હરણી સહિતના વિવિધ વિસ્તારમાં દિવસ દરમિયાન ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગઈકાલે પણ 33 વાહનચાલકો સામે પરમીટ ભંગ સહિતના કેસો કરી દોઢ લાખથી વધુનો દંડ વસુલયો હતો. જોકે સ્કૂલ વાન એસોસિએશનના પ્રમુખ જીવણ ભરવાડ સહિતના સભ્યો દ્વારા આરટીઓ કચેરી ખાતે આ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આરટીઓ અધિકારી કેતન ખાપેડે જણાવ્યું હતું કે, આજે આપણે મકરપુરા, માંજલપુર, બાપોદ વિસ્તાર,કપુરાઈ, હરણી અને સમા આ બધા વિસ્તારમાં આજુબાજુ એરિયામાં ડ્રાઈવ કરવામાં આવી હતી જેમાં 34 કેસ કરવામાં આવ્યા છે અને 4.60 હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ ડ્રાઈવ સમયાંતરે ચાલુ રહેશે.

## ૫ કરોડના ચેક કૌભાંડના કેસમાં શંકર થાપાના જામીન રદ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.5 કરોડના ચેક કૌભાંડ અને બનાવટી સહીના ગંભીર ગુનામાં આરોપી શંકર પદમ બહાદુર થાપાની નિયમિત જામીન અરજી વડોદરાની કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે.

મેઘાલય ખાતે રહેતા શંકર પદમ બહાદુર થાપાએ ફરિયાદીની સહી બનાવટી બનાવી તેના ખાતામાંથી રૂ.5 કરોડ ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. બચાવ પક્ષે દલીલ કરી હતી કે વિવાદ શિક્ષણ સંસ્થાના MOU અને ચેક વ્યવહાર સાથે સંકળાયેલો છે તથા મામલો અગાઉ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 હેઠળ મેઘાલય અને સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ચૂક્યો છે. ચેક પહેલેથી જ કોર્ટ કસ્ટડીમાં હોવાથી વધુ તપાસ માટે કસ્ટડીની જરૂર નથી તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. ત્યારે આરોપી દ્વારા જેલમાંથી બહાર આવવા માટે રેગ્યુલર જામીન અરજી કરાવી હતી.

જોકે, કોર્ટે તમામ દલીલો અને કેસની ગંભીરતા ધ્યાનમાં લઈ આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરી દીધી હતી. કોર્ટના આદેશની નકલ સંબંધિત મેજિસ્ટ્રેટ કોર્ટ અને ગોત્રી પોલીસ સ્ટેશનને મોકલવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે.

## પરીક્ષામાંથી મુક્તિની માંગ સાથે શિક્ષકોના પ્રતિક ધરણા

# ૨૦૧૦પહેલાંનાશિક્ષકોમાટેફરજિયાત TETના નિર્ણય સામે શિક્ષકોનો વિરોધ

**વડોદરા** જિલ્લા પંચાયત ખાતે પ્રાથમિક શિક્ષક સંઘનું બે કલાકનું પ્રતીક ધરણું, TETમાંથી મુક્તિની માંગ

**ગુજરાતના** 70 હજારથી વધુ અને દેશભરના 25 લાખ શિક્ષકો પર અસર; કાયદાકીય સુધારા માટે સરકારને આવેદન




(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વર્ષ 2010 પહેલાં સેવામાં જોડાયેલા શિક્ષકોને ફરજિયાત TET પરીક્ષા આપવાના નિર્ણય સામે શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણયના વિરોધમાં વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા પંચાયત ભવન ખાતે બે કલાકના પ્રતીક ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ સરકાર સમક્ષ ટેટ માંથી મુક્તિ આપવાની માંગ ઉઠાવી છે.

સુપ્રીમ કોર્ટના આદેશના અનુસંધાનમાં વર્ષ 2010 પહેલાં નિમણૂક પામેલા શિક્ષકોને પણ ટેટ પરીક્ષા ફરજિયાત બનાવવામાં આવતા રાજ્યભરના શિક્ષકોમાં ચિંતા અને અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે જિલ્લા પ્રાઈમરી ટીચર્સ એસોસિએશનના આગેવાનો અને મોટી સંખ્યામાં શિક્ષકો જિલ્લા પંચાયત ખાતે પ્રતીક ધરણા પર બેઠા હતા. શિક્ષક સંઘના જણાવ્યા મુજબ આ નિર્ણયથી ગુજરાતના 70 હજારથી વધુ અને દેશભરના અંદાજે 25 લાખ શિક્ષકો પ્રભાવિત થશે. શિક્ષકોનું માનવું છે કે ભરતી સમયે જરૂરી લાયકાતો, તાલીમ અને પરીક્ષાઓ પૂર્ણ કર્યા બાદ વર્ષોના અનુભવ ધરાવતા શિક્ષકો માટે ફરીથી લેખિત ટેટ પરીક્ષા ફરજિયાત બનાવવી યોગ્ય નથી. આ મુદ્દે શિક્ષકોએ જિલ્લા કલેક્ટર મારફતે આવેદનપત્ર પાઠવી ટેટમાંથી મુક્તિ આપવા માંગ કરી હતી. સાથે જ આગામી સંસદ સત્રમાં જરૂરી કાયદાકીય સુધારા લાવવાની અપીલ પણ કરવામાં આવી હતી. શિક્ષકોનું કહેવું છે કે, જો આ નિર્ણય પર પુનર્વિચાર કરવામાં નહીં આવે તો તેની અસર શિક્ષકોના મનોબળ અને શિક્ષણ વ્યવસ્થા પર પડી શકે છે. હવે સરકાર આ મુદ્દે શું નિર્ણય લે છે તેના પર રાજ્ય અને દેશભરના લાખો શિક્ષકોની નજર મંડાયેલી છે.

## RTE પ્રવેશ : 18મી જૂનથી ચોથો અને અંતિમ રાઉન્ડ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ હેઠળ ધોરણ-1માં વિનામૂલ્યે પ્રવેશ માટેની રાજ્ય સરકારની ઓનલાઈન કેન્દ્રીય પ્રક્રિયાના ત્રણ રાઉન્ડ પૂર્ણ થયા છતાં 6,085 બેઠકો ખાલી રહી છે. હવે આ બેઠકો ભરવા માટે 18 જૂનથી ચોથો અને અંતિમ રાઉન્ડ શરૂ કરવામાં આવશે.

રાજ્યભરમાં 9,700થી વધુ ખાનગી શાળાઓમાં 83 હજારથી વધુ બેઠકો ઉપલબ્ધ હતી, જ્યારે 1.50 લાખથી વધુ વાલીઓએ માન્ય અરજીઓ કરી હતી. ત્રીજા રાઉન્ડમાં ખાલી રહેલી 7,022 બેઠકો સામે 1,926 બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જોકે 15 જૂન સુધી માત્ર 937 વાલીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો.

RTE હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ-1ની 25 ટકા બેઠકો પર આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે. 20 જૂન સુધી વાલીઓ શાળાની પસંદગી અથવા ફેરફાર કરી શકશે. તેમ છતાં, અનેક શાળાઓમાં વાલીઓની પસંદગી ન હોવાથી બેઠકો ખાલી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ફ્લેટ બુકિંગ દરમિયાન થયેલી ઓળખાણનો ગેરલાભ ઉઠાવ્યો

# ૨૪ ટકા રિટર્નની લાલચમાં નિવૃત્ત ચીફ એન્જિનિયર સાથે રૂ.૨૨.૮૧ લાખની ઠગાઈ

**નોટરી** કરાર છતાં રૂપીયા ન મળતા ગોત્રી પોલીસમાં ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના નિવૃત્ત ચીફ એન્જિનિયરને 24 ટકા સુધીના ઊંચા વળતરની લાલચ આપીને રૂ.22.81 લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. ગોત્રી વિસ્તારના પેવેલિયન હાઇટ્સ પ્રોજેક્ટમાં ફ્લેટ બુકિંગ દરમિયાન થયેલી ઓળખાણનો લાભ લઈ આરોપીએ રોકાણના નામે રકમ મેળવી હતી. નોટરી કરાર કર્યા બાદ પણ ન તો વ્યાજ ચૂકવાયું અને ન જ મૂળ રકમ પરત મળતા આખરે પીડિતે પોલીસનો આશરો લીધો છે.

વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં રહેતા અને ONGC ખંભાતમાંથી ચીફ એન્જિનિયર (મેકેનિકલ) તરીકે નિવૃત્ત થયેલા હરજીતસિંગ દર્શનસિંગ વિધર્ધીએ ગોત્રી સ્થિત પેવેલિયન હાઇટ્સ પ્રોજેક્ટમાં વર્ષ 2020 દરમિયાન આશરે રૂ.60 લાખનો ફ્લેટ બુક કરાવ્યો હતો. આ દરમિયાન પ્રોજેક્ટ સાથે સંકળાયેલા પ્રતિક મહેતા સાથે તેમની ઓળખાણ થઈ હતી.

ફરિયાદ મુજબ, પ્રતિક મહેતાએ ફ્લેટનું કામ પૂર્ણ થવામાં સમય લાગશે તેમ જણાવી રોકાણ માટે નાણાંની જરૂર હોવાનું કહી 24 ટકા સુધીનું વળતર આપવાની અને જરૂર પડ્યે 10 દિવસમાં રકમ પરત કરવાની ખાતરી આપી હતી. વિશ્વાસમાં આવી હરજીતસિંગે એપ્રિલ-2023થી ઓગસ્ટ-2024 દરમિયાન તબક્કાવાર રૂ.22,81,520 આરોપીના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

તા. 9 ડિસેમ્બર, 2023ના રોજ રૂ.15 લાખની રકમ એક વર્ષ માટે આપવામાં આવી હોવા અંગે બંને વચ્ચે નોટરી કરાર પણ કરવામાં આવ્યો હતો. જોકે, સમય પૂર્ણ થયા બાદ પણ આરોપીએ ન તો વચન મુજબનું વળતર ચૂકવ્યું અને ન જ મૂળ રકમ પરત કરી હતી.

દીકરીના લગ્ન પ્રસંગે ઓક્ટોબર-2024માં નાણાંની જરૂરિયાત ઊભી થતાં પીડિતે અનેક વખત ઉઘરાણી કરી હતી, પરંતુ આરોપી સતત બહાનાબાજી કરતો રહ્યો હતો. પીડિતને એવી પણ માહિતી મળી હતી કે આરોપીએ અન્ય લોકો પાસેથી પણ રોકાણના નામે રકમ મેળવી પરત આપી નથી. સમગ્ર મામલે ગોત્રી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




